# જિલ્લામાં બે નવી મેડીકલ કોલેજોની માન્યતા

**કલોલમાં બે મેડીકલ કોલેજો કાર્યરત થશે : મેડીકલ અભ્યાસમાં આ બે કોલેજો વધતાં જિલ્લામાં ૪૫૦ બેઠકો થશે**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં બે નવી મેડીકલ કોલેજોને મંજૂરી મળતાં તીબીબી શિક્ષણમાં ૩૦૦ બેઠકોનો વધારો થયો છે. જિલ્લા બે નવી મેડીકલ કોલેજો સાથે હવે જિલ્લામાં મેડીકલ કોલેજોની સંખ્યા વધીને ત્રણ થઈ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં બે નવી મેડીકલ કોલેજોને કલોલ તાલુકામાં મંજૂરી મેડીકલ કાઉન્સીલ દ્વારા આપવામાં આવી છે. દરેક કોલેજોમાં ૧૫૦-૧૫૦ બેઠકોની આ મંજૂરી આપવામાં આવી છે.

કલોલમાં સ્વામિનારાયણ ગુરૂકુળને ૧૫૦ બેઠકો સાથે મેડીકલ કોલેજને મંજૂરી આપવામાં આવી છે. આ સંસ્થા પાસે ૩૫૦ બેડની સુવિધા ધરાવતી હોસ્પિટલ છે અને આગામી દિવસોમાં આ બેડની સંખ્યા ૭૫૦થી પણ વધુ કરવાના આયોજન સાથે વિસ્તરણ સહિતની કામગીરી ચાલી રહી છે.

કોરોના કાળ દરમ્યાન પણ આ હોસ્પિટલમાં સારી સેવાઓ ઉપલબ્ધ થઈ હતી. આ હોસ્પિટલ કલોલ શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં આગવી ઓળખ ધરાવે છે.

આ ઉપરાંત કલોલમાં આદર્શ હોસ્પિટલને પણ આદર્શ મેડીકલ કોલેજ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ હોસ્પિટલ પાસે પણ હાલ ૩૫૦થી વધુ બેડની સુવિધા છે.

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે નોલેજ કોરીડોર ડેવલપ કરવાના સ્વપ્રને સાકાર થતુ જોવા મળી રહ્યુ છે. જિલ્લામાં ઈજનેરી, ફાર્મસી, નર્સીંગ અને મેડીકલ અભ્યાસક્રમની બેઠકોમાં છેલ્લા પાંચ વર્ષમાં સારો એવો વધારો થયો છે અને તેનો સીધો લાભ જિલ્લાના વિદ્યાર્થીઓને મળી રહ્યો છે.

ગાંધીનગર મેડીકલ કોલેજ ઉપરાંત કલોલમાં હવે બે મેડીકલ કોલેજોને માન્યતા મળતાં જિલ્લાના કોલેજોને માન્યતા મળતાં જિલ્લાના શૈક્ષણિક જગતમાં આનંદનો માહોલ છવાયેલો જોવા મળી રહ્યો છે.



ગાંધીનગર શહેરના પ્રવેશદ્વારે ચ-0 સર્કલને અનોખા રૂપરંગથી સજાવાયુ છે. ગુજરાતના ગૌરવ સમાન એશીયાટીક લાયનની પ્રતિકૃતિઓ અન્ય વન્ય પ્રાણીઓ સાથે મુકવામાં આવી છે. વન્ય પ્રાણીઓના સ્ટેચ્યુને હાલમાં કલર કરવાનું કામ ચાલી રહ્યુ છે. ચોમાસા પહેલા આખા સર્કલને નવા રૂપરંગથી સજાવી દેવાશે.

# શહેરમાં ૩ દિવસમાં ૧૨૦૮ સ્થાનો પર મચ્છરોના પોરા શોધી નાશ કર્યો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાને લઈ શરૂ થયેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં છેલ્લા ૩ દિવસમાં ૪૨ હજારથી વધુ આવાસોને આવરી લઈ અઢી લાખથી વધુ લોકોની ચકાસણી કરવામાં આવી છે.

શહેરમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ માટે મેલેરિયાતંત્રે ૨૮ જેટલી ટીમો બનાવી અને આ સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે.

શહેરમાં ૧૨૦૮ સ્થાનોએથી મચ્છરોના પોરા મળ્યા હતા જ્યાં તંત્રની ટીમે પોરાનાશક કામગીરી કરી હતી. આ ઉપરાંત ૧૦ હજારથી વધુ મચ્છર ઉત્પત્તિ સ્થાનો મળી આવતાં તેનો નિકાલ કરવામાં આવ્યો હતો.

જિલ્લામાં ઠેર ઠેર પાણી ભરાઈ રહેવાની મળેલી ફરિયાદો અને મચ્છરોની ડેન્સીટી વધુ જણાઈ હતી તેવા ૨૫ જેટલા સ્થાનો પર ફોગીંગની કાર્યવાહી પણ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી હતી.

શહેરમાં હાલ ચાલી રહેલા વિકાસના કામોને પગલે પાણી ભરાઈ રહેવાની ફરિયાદો વધી છે. શહેરમાં ૧ હજારથી વધુ સ્થાનો પર પાણી ભરાઈ રહેતા ખાડાઓમાં એન્ટી લારવેલની કામગીરી પણ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

તંત્રની ટીમોએ શૈક્ષણિક સંકુલો અને કન્સ્ટ્રકશન સાઈટોને પણ વરસાદી પાણી ભરાઈ ન રહે તેમજ ઝડપથી તેનો નિકાલ થાય તે માટે પગલાં લેવા સૂચવ્યુ છે. શહેરમાં ૧૬૦થી વધુ કન્સ્ટ્રક્શન સાઈટોને આ સંદર્ભે પત્રો પણ લખવામાં આવ્યા છે. એક-બે કિસ્સામાં નોટીસો આપવામાં આવી હોવાનું પણ તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

તંત્રની ટીમો દ્વારા ૧૩૦૦થી વધુ લોકોની ચકાસણી દરમ્યાન શંકાસ્પદ મેલેરિયાના લક્ષણો જણાતા લોહીના નમૂના લઈ પરીક્ષણ માટે મોકલ્યા હોવાનું પણ જાણવા મળેલ છે.

શહેરમાં મચ્છરોની ડેન્સીટી વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે અને તંત્રએ પણ આ વેળાએ સર્વેલન્સ સઘન બનાવ્યુ છે.

# ગાંધીનગર-સારંગપુર હનુમાન મંદિર રૂટમાં નવી બસ સેવા ટુંકમાં શરૂ કરાશે

**કષ્ટભંજન હનુમાન મંદિરે જનારા દર્શનાર્થીઓની સંખ્યા પણ વધુ : લાંબા સમયની રજુઆતના અંતે બસ સેવા શરૂ કરાશે**

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગર એસ ટી ડેપોથી સૌરાષ્ટ્ર કચ્છ સહીતના વિવિધ રૂટમાં બસ સેવા ઉપલબ્ધ છે. જયારે સોમનાથ ,દ્વારકા અને અંબાજી સહીતના ધાર્મિક રૂટમાં પણ બસ સેવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી સારંગપુર હનુમાન મંદિર રૂટમાં પણ બસ સેવા શરૂ કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. ગાંધીનગરથી આ રૂટમાં જવા માટે બસ સેવાની સતત પુછતાછ પણ વધી છે ત્યારે આ રૂટમાં સવારના સમયે ગાંધીનગર સારંગપુર હનુમાન મંદિર સુધીની બસ સેવા ટુંકમાં શરૂ કરવા માટે આયોજન કરાયુ છે.

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા એકબાજુ આમ નાગરિકોને સલામત સવારી નિયમિત અને ઝડપી મળી રહે તે માટે સંચાલનના રૂટમાં જરૂરી ફેરફાર કરવા માટે પણ નિગમને દરખાસ્ત કરવામાં આવી છે. જયારે ગાંધીનગર થી વિવિધ શહેરના જંકશનને અનુલક્ષી નવા રૂટમાં પણ તબક્કાવાર બસો શરૂ કરવામાં આવી રહી છે.

હાલ સૌરાષ્ટ્ર અને કચ્છના રૂટમાં પણ જરૂરી બસ સેવા દોડે છે. અલબત્ત સોમનાથ, દ્વારકા, જુનાગઢ, અંબાજી, પાવાગઢ સહીતના વિસ્તારમાં પણ બસ સેવા ઉપલબ્ધ છે. જયારે ગાંધીનગરથી સારંગપુર હનુમાન મંદિરે જતા ભાવિકોની સંખ્યા પણ વિશેષ છે. જેને અનુલક્ષી ગાંધીનગરથી સારંગપુર હનુમાન મંદિરની સીધી બસ સેવા ઉપલબ્ધ થાય તેવી માંગણી સાથે રજુઆતો પણ લાંબા સમયથી કરવામાં આવી રહી છે. સારંગપુરના રૂટ માટે રોજબરોજ ગાંધીનગર ડેપોમાં મુસાફરો પુછપરછ પણ વિશેષ કરતા નજરે પડે છે. જયારે આ રૂટને અનુલક્ષી આનુંસગિક બસોમાં પણ ટ્રાફિકનુ પ્રમાણ વધ્યુ છે.

જયારે આ સ્થિતિને ધ્યાનમાં રાખીને એસ ટી ડેપો દ્વારા ગાંધીનગરથી સારંગપુર રૂટમાં નવી બસ સેવા શરૂ કરવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. ડેપોના સુત્રોમાંથી મળતી માહીતી મુજબ ગાંધીનગર સારંગપુર રૂટમાં ટુંક સમયમાં જ બસ શરૂ કરી દેવામાં આવશે જયારે રોજ સવારે આ બસ સેવાનો લાભ મુસાફરો તેમજ ભાવિકોને મળી રહે તે મુજબ આયોજન કરવામાં આવશે.

# માર્ગ મકાન વિભાગના મદદનીશ ઈજનેરોમાં બિનતાંત્રિક કામગીરીના ભારણથી ઘોર નારાજગી

**કામગીરીના નિરિક્ષણ માટે પણ સમય આપી શકાતો નથી : ચુંટણી, વસતી ગણતરી, પરીક્ષા, નુકશાનીનો સર્વે, પાર્કીંગ, સ્વાગત ઓનલાઇન ફરિયાદ નિવારણ,લાયઝન અધિકારી સહીતની અનેકવિધ પ્રકારની કામગીરી માટે આદેશો થાય છે**

ગાંધીનગર તા ૨૨

રાજયમાં માર્ગ સુધારણા સહીતની કામગીરી મામલે સરકાર વધુ જાગૃત બની છે. જયારે ગુણવત્તાના મામલે કોઈ બાંધછોડ નહીં કરવાનો અભિગમ પણ અપનાવાયો છે. આવા સંજોગોમાં માર્ગ મકાન વિભાગમાં ફરજ બજાવતા મદદનીશ ઈજનેરોમાં પણ બિનતાંત્રિક કામગીરીના મામલે નારાજગી વ્યાપી છે. આ સ્થિતિ વચ્ચે વિવિધ કામો દરમિયાન યોગ્ય નિરિક્ષણ કરવાની કામગીરી પણ પ્રભાવિત છે.

ગુજરાત રાજય મદદનીશ ઈજનેર મંડળ દ્વારા આ મામલે અવારનવાર રજુઆતો પણ કરવામાં આવી છે. સ્વાગત ઓનલાઈન, ચુંટણી કાર્યક્રમો, ફુડ પેકેટ ,, ટેકાની ખરીદી, વસતી ગણતરી સહીતના કામો સોંપવામાં આવે છે. જયારે અનેકવાર રજુઆતનો અંતે પણ આ મામલે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં આવતી નથી. આ સ્થિતિ વચ્ચે મદદનીશ ઈજનેરો ફિલ્ડ કામગીરી માં ધ્યાન આપી શકતા નથી ફિલ્ડમાં પણ જરૂરી નિરિક્ષણ કરવાની અનિવાર્યતા હોય છે. ત્યારે આ સ્થિતિ વચ્ચે તેમાં સમય આપી શકાતો ન હોવાનુ પણ રજુઆતમાં જણાંવાયુ છે. તો બીજીતરફ દોષનો ટોપલો પણ તેમના જ માથે આવતા દંડાવાની નોબત આવે છે. શિક્ષણ વિભાગ મહેસુલ વિભાગ તેમજ પંચાયત વિભાગ દ્વારા બિનતાંત્રિક કામગીરી માટે મદદનીશ ઈજનેરોને કામે લગાડવા માટે પણ અનેકવાર આદેશો કરવામાં આવે છે. ત્યારે આવા સંજોગોમાં માર્ગ મકાન વિભાગ સાથે યોગ્ય પરામર્શ પણ કરવામાં આવતી નથી. જયારે ગ્રામ પંચાયત અને લોકસભાની ચુંટણી પ્રક્રીયામાં મદદનીશ ઈજનેરોને અનેકવિધ જવાબદારી સોંપવામાં આવે છે. આ ઉપરાંત સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ, વસ્તી ગણતરી, ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા, સ્પર્ધાત્મક પરીક્ષા , મતદાર યાદી સુધારણા કાર્યક્રમ, જંત્રીના સર્વે તેમજ ચણાં અને મગફળી સહીતના ખેત પાકોના ટેકાના ભાવની ખરીદી કરવામાં પણ જોતરવામાં આવે છે. આ ઉપરાંત કુદરતી આફત વેળાએ નુકશાનીનો સર્વે કરવામાં પણ માર્ગ મકાન વિભાગના મદદનીશ ઈજનેરો કામે લાગે છે. આ ઉપરાંત કાર્યક્રમો વેલાએ વી વી આઈ પી ઓને નિયત જગ્યાએ બેસાડવા , પાર્કીંગની વ્યવસ્થા રાખવી, ફેડપેકેટ પાણી વિતરણ , લાયઝન અધિકારીઓના સહાયક તરીકે રહેવા તેમજ વાહનો પાર્ક કરાવવા સહીતની કામગીરી તેમને સોંપવામાં આવે છે. જેના લીધે મદદનીશ ઈજનેરોમાં નારાજગી વ્યાપી છે. એકબાજુ ફીલ્ડ નિરિક્ષણ કરવા સહીત કામગીરીની ગુણવત્તા મામલે પણ વિશેષ તકેદારી રાખવાની હોવાથી ફિલ્ડ કામગીરીમાં પણ સમય આપી શકાતો ન હોવાનો સુર પણ નારાજગી સાથે પ્રબળ બન્યો છે.

# ચેક પરત થવાના કેસમાં આરોપીને એક વર્ષની કેદની સજા

ગાંધીનગર તા ૨૨

પરિચિત વ્યકિતને રૂ ૮.૦૫ લાખ ઉછીના આપવાના કીસ્સામાં ચેક પરત થતા ગાંધીનગર કોર્ટે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે. જયારે કોર્ટે રૂ ૮.૯૦ લાખનો દંડ ભોગવવા પણ આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં રહેતા ભદ્રેશ પટેલ મોટા ચિલોડા દહેગામ માર્ગ પર સ્થિત પ્રમુખ આર્કેડમાં ખાતે કાર એસેસરિઝનો ધંધો કરતા જૈમિન પટેલ એકબીજાના પરિચયમાં હતા આ દરમિયાન જૈમિનભાઇને પૈસાની જરૂરિયાત ઉભી થતા તેમણે પરિચિત હોવાના નાતે ભદ્રેશભાઇ પાસે પૈસાની માંગણી કરી હતી. જયારે નિયત સમયના અંતે ભદ્રેશભાઈએ પૈસા પરત મેળવવા માટે માંગણી કરી હતી. જેની સામે તેમણે લેંણી રકમનો ચેક આપ્યો હતો. આ ચેક બેંકમાં જમા કરાવતા અપુરતા ભંડોળના લીધે પરત થયો હતો. જયારે આ કેસ

● અનુસંધાન પાન-૭ પર

# સુરતની પેઢીએ ગુડાએ ભાડે આપેલા કિંમતી પ્લોટ પર દુકાનો તાણી પેટાભાડે આપી

**કુડાસણમાં જે સ્થિતિમાં પ્લોટ અપાયો હતો તેમ જ પરત કરવા ગુડાની નોટીસ નહીંતર બાંધકામ તોડીને ખર્ચ પેઢી પાસેથી વસુલ કરાશે**

આર્થિક તંગીનો સામનો કરતા ગુડા દ્વારા કિંમતી પ્લોટ ભાડે આપી આવક ઉભી કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે ત્યારે સુરતની એક પેઢીએ પ્લોટ ભાડે રાખી ત્યાં દુકાનો તૈયાર કરીને પેટા ભાડે આપી દીધી હોવાનો મામલો સામે આવ્યો છે જેને અનુલક્ષી ગુડાએ આ મામલે શરતભંગ ગણીને આ પ્લોટ પરત કરવા માટે નોટિસ આપવામાં આવી હતી. જો કે હવે આ કિસ્સામાં જમીન ફાળવણી રદ કરી દેવાના પગલા લેવાયા છે

વિવિધ ટી પી સ્કીમની રચનાના અંતે ગુડાને મળેલી કપાતની જમીનના વિવિધ પ્લોટ વિવિધ હેતુ માટે અનામત રખાયા છે. જયારે વાણિજય અને રહેણાંક હેતુના પ્લોટ વેચીને ગુડાનું તંત્ર આર્થિક સદ્ધરતા કેળવવા પ્રયાસ કરી રહ્યું છે. જયારે અમુક કિસ્સામાં મોટા પ્લોટ ભાડે આપીને પણ કમાણી કરવામાં આવે છે. ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૬ના વિસ્તારમાં આવતા કુડાસણમાં ૩,૨૧૯ ચોરસ મીટર ક્ષેત્રફળ ધરાવતો પ્લોટ ગુડા દ્વારા વાણિજય હેતુ માટે સુરતના કતાર ગામ વિસ્તારમાં લક્ષ્મી રેસિડેન્સીમાં રહેતા મહેશભાઈ હરિભાઈ વાઘાણીની વાટિકા હોસ્પીટાલિટી સર્વિસીસ નામની પેઢીને ફૂડકોર્ટ બનાવવા માટે ત્રણ વર્ષના સમયગાળા માટે પ્લોટ માંગ્યો હતો જયારે આ અરજીના અનુસંધાને પ્લોટ ભાડે આપવામાં આવ્યો હતો. જો કે જમીનની ફાળવણી માત્ર ૬ મહિના માટે કરવામાં આવી હતી. છ મહિના બાદ ગત જાન્યુઆરી મહિનામાં ગુડાને આ પ્લોટ પર દુકાનો ઉતારીને તે પેટા ભાડે અપાઈ હોવાનું સ્થળ તપાસ ના અંતે ખુલ્યું હતું નોટિસ આપીને ખુલાસો પૂછાયો ત્યારે પેઢીએ પેટા ભાડા ની વાત સ્વીકારી ન હતી . પરંતુ તંત્રે ખુલાસો ગ્રાહ્ય રાખ્યો ન હતો. કેમ, કે પેઢીએ દુકાનોનું બાંધકામ કરીને અલગ અલગ વ્યવસાય માટે પેટા ભાડેથી આપી હોવાનું સ્પષ્ટ થયુ હતું. જેથી ગત તા ૧૫મીએ પેઢીને શરતભંગની નોટિસ આપીને પ્લોટની ફાળવણી પણ રદ કરાઈ હતી. જયારે ત્રણ દિવસમાં બાંધકામ હટાવીને પ્લોટનો કબ્જો ગુડાને પરત સોંપવા નોટિસ આપવામાં આવી હતી. જોકે સ્થળ પર દુકાનો યથાવત છે ગુડાએ નોટિસમાં પેઢી દ્વારા જે સ્થિતિમાં પ્લોટ ફાળવાયો હતો તે સ્થિતિમાં પરત કરવામાં નહીં આવે તો બાંધકામ તોડી પાડીને કબજો મેળવી ખર્ચ પેઢી પાસેથી વસૂલવા જણાવ્યું છે.



ચોમાસાના આગમન પહેલા વન વિભાગે તૈયારીઓ કરી દીધી છે. શહેરના જુદા જુદા વિસ્તારોમાં ખુલ્લી પડેલી જમીનમાં નવા રોપાઓના ઉછેર માટે ખાડા ખોદવામાં આવ્યા છે. ચ-૨ થી ઘ-૨ તરફ જવાના માર્ગે વન વિભાગની જમીન પર નવા રોપાઓના ઉછેરની તૈયારીઓ ચાલી રહી છે.

# જિલ્લામાં પી.એમ.જે.વાય. અંતર્ગત ૧૦ હજારથી વધુ લોકોએ સેવાઓ લીધી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા સવા ચાર વર્ષમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત રૂ. ૨૬૦ કરોડના ખર્ચે ૧૦,૨૮૦ લોકોએ સારવાર કરાવી છે.

જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના લાભાર્થીઓ સુધી પહોંચવા માટે ખાસ ઝુંબેશ પણ હાથ ધરાઈ છે. તમારે દ્વાર આયુષ્યમાન યોજના અંતર્ગત આ અભિયાન ચાલી રહ્યુ છે.

જિલ્લામાં આ યોજના અંતર્ગત જે લોકોએ સારવાર લીધી છે તેમાં ની રીપ્લેસમેન્ટ, કાર્ડિયાક અને કેન્સરના વધુ કેલઈમ રજુ થયા છે. જિલ્લામાં આ યોજનાના લાભાર્થીઓને એક જ જગ્યાએ બધી સારવાર ઉપલબ્ધ બને ખાસ કરીને અકસ્માતના કેસોમાં તે અંગે ધારાસભ્ય જે.એસ. પટેલ સહિતના સભ્યોએ રજુઆત કરી છે.

આ યોજના અંતર્ગત જિલ્લામાં ચાર લાખ ૩૦ હજાર જેટલા લાભાર્થીઓ એનરોલ થઈ ગયા હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. જિલ્લામાં ચારેય તાલુકામાં ૯૦ ટકાથી વધુ કામગીરી રોક પ્રમાણે થઈ ગઈ હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે

૨૦૧૮થી અમલી બનેલ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં કાર્ડ રિન્યુ ત્રણ વર્ષ પછી કરાવવાના હોય છે. આ માટેના કેમ્પો પણ યોજાઈ રહ્યા હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના લોકપ્રિય બની છે અને આ અંગેના કાર્ડ મેળવવા માટેનો ધસારો પણ વધ્યો છે. જિલ્લાના ગાંધીનગર અને કલોલ તાલુકામાં આ યોજના અંતર્ગત સારી કામગીરી થઈ છે. દહેગામ વિસ્તાર પરાઓ સાથે સંકળાયેલો હોવાથી ત્યાં કામગીરી ધીમી જરૂર છે અને અહિ કામગીરી સઘન બનાવવામાં આવી છે. જિલ્લાના ચારેય તાલુકામાં ૯૦ ટકા જેટલી સરેરાશ કામગીરી થઈ છે.

# શાકનો રંગ અને સ્વાદ જાળવતા ટામેટાના ભાવ આસમાને

**ચોમાસુ હજુ શરૂ નથી થયુ તે પહેલા જ શાકભાજીના ભાવો આસમાને પહોંચ્યા : શાક-સલાડમાં અત્યંત જરૂરી ટામેટાના ભાવ ૮૦ રૂ. કિલોએ પહોંચ્યા**

ગાંધીનગર, તા. ૨૨

મોંઘવારીનો સામનો કરી રહેલી ગૃહિણીઓને ટામેટા સહિતના અન્ય શાકના સતત વધી રહેલા



ભાવોએ પરેશાન કરી દીધી છે. દાળ-શાક અને સલાડમાં અત્યંત જરૂરી એવા ટામેટાના ભાવ ૮૦ રૂ. કિલોએ પહોંચી ગયા છે. આ ઉપરાંત આદુ અને લીંબુના ભાવો પણ આસમાને પહોંચ્યા છે.

સસ્તા શાકભાજી ખરીદવાનુ ગૃહિણીઓનુ સપનુ આ મોંઘવારીમાં ખબર નહી ક્યારે પુરૂ થશે. ભોજનની થાળી અનાજ, દાળ અને શાકના વધેલા ભાવોના કારણે દિન પ્રતિદિન મોંઘી થતી જાય છે. અનાજ અને દાળના ભાવો દઝાડી રહ્યા છે ત્યારે શાકભાજીના ભાવો દિનપ્રતિદિન આસમાને પહોંચી રહ્યા છે. લગભગ તમામ શાક હાલમાં ૫૦ થી ૬૦ રૂ. કિલોના ભાવે વેચાઈ રહ્યુ છે.

તેમાંય દાળ-શાક અને સલાડમાં જરૂરી એવા ટામેટાના ભાવો આસમાને પહોંચ્યા છે. શિયાળામાં અને સામાન્ય દિવસોમાં ૩૦ થી ૪૦ રૂ. કિલોના ભાવે વેચાતા ટામેટા હાલમાં ૭૦ થી ૮૦ રૂ. કિલોના ભાવે વેચાઈ રહ્યા છે. ટામેટાનો આટલો ઉંચો ભાવ જાણીને ગૃહિણીઓ તેને ખરીદવાનું ટાળી રહી છે. સલાડ તરીકે તેનો ઉપયોગ બંધ થઈ ગયો છે તો દાળ-શાકમાં પણ તેનો વપરાશ ગૃહિણીઓએ ઓછો કરી દીધો છે. ટામેટાની આવક હાલમાં સાવ ઓછી થઈ જતાં તેના ભાવ ઉંચા બોલાઈ રહ્યા છે. ટામેટાની જેમ જ આદુના ભાવ ખૂબ વધી ગયા છે. હાલમાં ૬૦ થી ૭૦ રૂ. ૧૦૦ ગ્રામના ભાવે આદુ વેચાઈ રહ્યુ છે. લીંબુનો ભાવ પણ ૭૦ થી ૮૦ રૂ. કિલોએ પહોંચ્યો છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — ASTRAL PIPES — Roff — Birla White — VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

PRINCE PIPING SYSTEMS — Jaquar experience bathing — DR. FIXIT

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com